ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૨૯/૧૯–૨૦/ 1887 તારીખ : [redacted]6 JUN 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી મનુભાઈ ઘનશ્યામભાઈ સોલંકી,**
મુ.મોજીદડ,
તા.ચુડા,
જી.સુરેન્દ્રનગર.
**મો.નં.૯૮૨૪૯ ૦૩૧૫૧**

કેસ નં.૧૨૯/૧૯–૨૦

**વિષય : ઓડીટ બિલ આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.નીલ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૬/૦૨/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨૯/૧૯–૨૦/૭૩૨ તા.૧૨/૦૨/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨૯/૧૯–૨૦/૧૧૦૮ તા.૦૫/૦૩/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૮/૦૩/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી.**

***.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ચુડા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર –૧૨૯/૧૯–૨૦**

વાદી :– **શ્રી મનુભાઈ ઘનશ્યામભાઈ સોલંકી**

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખ:– ૧૮/૦૩/૨૦૨૦**

હાજર રહયા :– શ્રી મનુભાઈ ઘનશ્યામભાઈ સોલંકી – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી એમ.આર.ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીબડી
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી મનુભાઈ ઘનશ્યામભાઈ સોલંકી, મુ. મોજીદડ, તા.ચુડા, જી.સુરેન્દ્રનગર ની ઓડીટ બિલ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૨૯/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨૯/૧૯–૨૦/૭૩૨ તા.૧૨/૦૨/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૮/૦૩/૨૦૨૦ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી વતી શ્રી મનુભાઈ ઘનશ્યામભાઈ સોલંકી હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.આર.ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીબડી ઉપસ્થિત રહેલ.

Consumer Grievance Redressal Forum * PGVCL Bhavnagar

☞ <u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ અમોને અમારા ગ્રાહક નં–૭૪૦૫૬/૦૧૦૩૫/૮ થી રૂા.૯૮૭૩.૨૮ રૂપિયા બાકી બતાવવામાં આવેલ છે.

૧.૨ ઉપરોકત વિજ ગ્રાહક નં– ૭૪૦૫૬/૦૧૦૩૫/૮ મા વર્ષ–૨૦૧૩ થી ડિસે– ૨૦૧૭ સુધી ના માસનુ વિજ બિલ બિલીગ સીસ્ટમ માં શરત ચૂક થી ચાલુ ન થવાથી પીજીવીસીએલ દ્વારા અમોને સદર સમયગાળા નુ વિજ બિલ અમોને ચાર્જ કરવામા આવેલ છે.

૧.૩ અમારા દ્વારા ઉપરોકત વિજ કનેકશન વર્ષ – ૨૦૧૮ માં સ્થળ ફેરફાર કરવામાં ની અરજી કરવામા આવેલ તથા સ્થળ ફેરફાર ની અરજી કરતી વખતે અમારા ઉપરોકત ગાહક ખાતેની તમામ રકમ ભરપાઈ કર્યા બાદ અમારૂ કનેકશન ના સ્થળ ફેરફાર ની કાર્યવાહી પીજીવીસીએલ દ્વારા કરવામાં આવેલ.

૧.૪ હાલ, ઉપરોકત બાકી રકમ ના આધારે પીજીવીસીએલ દ્વારા અમારૂ ઉપરોક્ત વિજ કનેકશન કાપી નાખવામાં આવેલ છે.

૧.૫ અમોને આપવામાં આવેલ ઓડીટ બીલ ની રકમ ભરવામાં થી મુકિત આપવામાં આવે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ ચુડા પેટા વિભાગીય કચેરી ના તાબા હેઠળ આવતા ગામ–મોજીદડ ના રહીશ શ્રી સોલંકી મનુભાઈ ઘનશ્યામભાઈ ગ્રાહક નં– ૭૪૦૫૬/૦૧૦૩૫/૮ તા.૮/૧૧/૧૯૯૭ થી ખેતીવાડી વિજ કનેકશન ધરાવતા હતા. સદર વિજ કનેકશન રદ થયેલ હોઈ તેમના દ્વારા તેમના વિજ કનેકશન માં પુનઃજોડાણ માટે પીજીવીસીએલ ચુડા પેટા વિભાગીય કચેરીમાં તા.૮/૧૨/૨૦૧૩ ના રોજ અરજી કરેલ છે.

૨.૨ પ્રતિવાદી દ્વારા વાદીની અરજી ના અનુસંધાને વિજ કનેકશન ની પુનઃજોડાણની પ્રક્રિયા માટે નો એસ્ટીમેટ તા.૧૨/૧૨/૨૦૧૩ ના રોજ વાદીને આપવામાં આવેલ જેના અનુસંધાને વાદી દ્વારા તા.૧૨/૧૨/૨૦૧૩ ના રોજ ટેસ્ટ રીપોર્ટ પીજીવીસીએલ, ચુડા પેટા વિભાગીય કચેરી ખાતે જમા કરાવેલ અને પીજીવીસીએલ દ્વારા ઉપરોકત વિજ કનેકશન વર્ષ – ૨૦૧૩ મા સ્થળ પર પુનઃ જોડાણ કરવામાં આવેલ.

૨.૩ પીજીવીસીએલ ચુડા દ્વારા ઉપરોકત વિજ કનેકશન પુનઃજોડાણ કર્યા બાદ નું પ્રથમ બિલ ને શરત ચૂક થી પીજીવીસીએલ બિલીગ સીસ્ટમ ના ચઢવાના કારણે વાદીને વર્ષ–૨૦૧૩ થી નવે–૨૦૧૬ નું વિજ બિલ ની ગણતરી સીસ્ટમ દ્વારા કરવામાં આવેલ ન હતી.

૨.૪ પીજીવીસીએલ ના ઓડીટ વિભાગ દ્વારા એપ્રીલ–૨૦૧૭ થી માર્ચ–૨૦૧૮ ના સમયગાળા દરમીયાન ની ઓડીટ ની કાર્યવાહી જુલાઈ–૨૦૧૯ માં કરવામાં આવી. સદર ઓડિટ દરમિયાન ગ્રાહકના વર્ષ–૨૦૧૩ થી નવે–૨૦૧૬ નુ વિજ બિલ જે શરતચૂક થી લેવાનુ રહી ગયેલ તે અંગે ધ્યાને પડતા, ઓડીટ વિભાગ દ્વારા ગ્રાહકના વિજ કનેકશન ખાતે ડિસેમ્બર–૨૦૧૩ થી નવે–૨૦૧૬ વસુલ કરવાની બાકી રહેલ વિજ બિલ ની રકમ ની રીકવરી અંગે ધ્યાન દોરવામાં આવેલ. ચુડા પેટા વિભાગીય કચેરી દ્વારા ઓડીટ ના રીપોર્ટ મુજબ ગ્રાહક ખાતે રકમ રૂા.૯૮૭૩.૨૮ ઉધારેલ છે. તથા સદર રીકવરીની રકમ ભરપાઈ કરવા માટે ગ્રાહકને ઉપરોકત સંદર્ભ પત્ર –૦૨ થી જણાવેલ છે.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૨.૫ સદર અરજદાર દ્વારા ઉપરોક્ત વિજ કનેકશન શીફટીગ માટે મોજીદડ થી સેજકપર ગામે સ્થળ ફેરફાર કરવા મ અરજી કરવામાં આવેલ. જે અરજી મંજૂરી વડી કચેરી, દ્વારા તા.૧૬/૧૧/૨૦૧૮ ના રોજ આપવામાં આવેલ. જે વિજ કનેકશન શીફટીગ કર્યા બાદ ઓડીટની કાર્યવાહી થઈ.

૨.૬ આમ, વિજ કનેકશન સ્થળ ફેરફાર ની અરજી પર અમલવારી કર્યા બાદ ઓડીટની કાર્યવાહી થયેલ હોઈ, જે તે સમયે સ્થળ ફેરફાર ની અરજી વખતે સદર રકમનો ઉલ્લેખ નો ડયુ પ્રમાણપત્રમાં થઈ શકેલ નહી. વાદી દ્વારા શીફટીગ સમયે ભરપાઈ કરવામાં આવેલ રકમ તથા ઉપરોક્ત જણાવેલ રકમ એકબીજાથી અલગ હોઈ ગ્રાહકને ભરવાપાત્ર થાય છે.

૨.૭ જે આપ સાહેબશ્રી ની જાણ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર મનુભાઈ ઘનશ્યામભાઈ સોલંકી, ગામ–મોજીદડ તા.ચુડામાં ખેતીવાડી વીજજોડાણ એ–૧ ટેરીફ હેઠળ ગ્રાહક નં.૭૪૦૫૬/૦૧૦૩૫/૮ થી ધરાવતા હતા.

૩.૨ વાદી નું વિજ જોડાણ કાયમી ધોરણે રદ થવાથી પ્રતિવાદી એ તા.૧૨/૧૨/૨૦૧૩ ના રોજ નિયમ મુજબ કાર્યવાહી કરી પુનઃજોડાણ કરી આપેલ.

૩.૩ પુનઃજોડાણ કર્યા બાદ ૨૦૧૩ થી ડિસે–૨૦૧૬ સુધી પ્રતિવાદીની કચેરીએ વાદીના વિજ વપરાશનું એ–૧ ટેરીફ હેઠળ બિલ આપેલ નહી.

૩.૪ ત્યારબાદ નવેમ્બર–૨૦૧૮ માં વાદીએ તેનું વિજ જોડાણ સ્થળ ફેર કરી, બીજા સર્વે નંબર માં શીફટીંગ માટે અરજી કરતા, પ્રતિવાદી એ વાદી ના વિજ જોડાણની કાર્યવાહી કરી શીફટીંગ કરી આપેલ.

૩.૫ પ્રતિવાદીના ઓડીટ વિભાગના ધ્યાનમાં આવેલ કે, ડિસે–૨૦૧૩ થી ડિસે–૨૦૧૬ સુધીના સમયગાળાનુ વિજ બિલ પ્રતિવાદીની કચેરીએ આપેલ નહી. તેથી, પ્રતિવાદીએ ઓડીટની સૂચના મુજબ વાદીને તે સમયગાળા દરમીયાન નુ રૂા.૯૮૭૩.૨૮ વિજ બિલ એ–૧ ટેરીફ મુજબ આપેલ.

૩.૬ વાદીએ ડિસે–૨૦૧૩ થી ડિસે–૨૦૧૬ દરમિયાન પ્રતિવાદી પાસે બિલ ન મળવા અંગેની કોઈ પ્રકારની ફરીયાદ કરેલ નહી તેમજ બિલ ન મળવાથી કોઈ બિલ ભરેલ નહી.

૩.૭ આથી, વાદીની રજૂઆત ગ્રાહય રાખવામાં આવતી નથી અને હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ આપેલ રૂા.૯૮૭૩.૨૮ નુ વિજ બિલ વાદીએ ભરવાપાત્ર થાય છે.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૭ મુજબ હુકમ કરવામાં આવે છે. "**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એમ. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– **૧૮.૦૩.૨૦૨૦**